# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૦૩/૦૮/૨૦૨૦ થી તા.૦૯/૦૮/૨૦૨૦)

# એલ.સી.બી. ખેડા-નડીયાદ

## ચકલાસી પો.સ્ટેના વિદેશી દારૂના ગુનામાં સંડોવાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એલ.સી.બી ખેડા-નડીયાદ તા.૨૦/૦૩/૨૦૨૦

ખેડા જીલ્લા પોલીસ અધિક્ષક સાહેબ નાઓએ જીલ્લામાં દારુ જુગારની બદી દૂર કરવા તથા અગાઉ દારુની ફેરાફેરી તથા પ્રવૃત્તીમાં સંડોવાયેલ તેવા રીઢા ગુનેગારો વિરૂદ્ધ અટકાયતી પગલા લેવા આપેલ સુચના અન્વયે ચકલાસી પો.સ્ટે. પ્રોહિ ગુ.ર.નં.૧૧૯/૧૯ પ્રોહી એકટ કલમ.૬૫ઇ, ૬૭એ, ૮૧,૯૮(૨),૯૯,૧૧૬(બી) મુજબના ગુનાના કામે કિ.રૂ.૩,૯૧,૨૦૦/-ના વિદેશી દારૂ તથા લોડીંગ ટાટા ડમ્ફર તથા મો.સા કિ.રૂ.૧૦,૪૦,૦૦૦/-ની મળી કુલ્લે રૂ.૧૪,૩૧,૭૬૦/-ના મુદ્દામાલના ગુનામાં સંડોવાયેલ આરોપી નટુભાઇ મંગળભાઇ ઠાકોર ઉ.વ.૭૪ રહે. સુરાશામળ તાબે,કુનો કુવો,લાલુ સીમ વિસ્તાર તા.નડીયાદ જી.ખેડા નાઓની વિરૂદ્ધમાં પ્રોહીબિશનધારા હેઠળના કેસમાં પો.ઇન્સ.શ્રી. એમ.ડી.પટેલ એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓએ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કલેક્ટરશ્રી ખેડા-નડીયાદ નાઓ તરફ મોકલી આપતા કલેક્ટરશ્રી ખેડા-નડીયાદ નાઓએ દરખાસ્ત મંજુર કરી પાસા વોરંટ ઇશ્યુ કરતા સદરહુ આરોપીને તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ અટક કરી વોરંટની બજવણી કરી આરોપી નટુભાઇ મંગળભાઇ ઠાકોર રહે. સુરાશામળ તાબે,કુનો કુવો,લાલુ સીમ વિસ્તાર તા.નડીયાદ જી.ખેડા નાઓને જીલ્લા જેલ સુરત ખાતે મોકલી આપેલ છે.



## કઠલાલ પો.સ્ટે. હદ વિસ્તારમાંથી જુગાર રમતા કુલ- ૮ જુગારીયાઓને ઝડપી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા-નડીયાદ તા.૦૭/૦૮/૨૦૨૦

મે. પોલીસ અધિક્ષકશ્રી ખેડા નડીયાદનાઓએ દારૂ-જુગારની પ્રવુત્તિ નેસ્ત નાબુદ કરવા માટે જીલ્લામાં પ્રોહી/જુગાર ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને જીલ્લામાં પ્રોહી/જુગાર પ્રવૃતિ અટકાવવા સારૂ આપેલ સુચના મુજબ આજરોજ તા.૦૭/૦૮/૨૦૨૦ ના રોજ શ્રી એમ.ડી.પટેલ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એલ.સી.બી ખેડા-નડીયાદ નાઓ તથા એલ.સી.બી.સ્ટાફના અ.હેડકો ચંન્દ્રકાન્ત, હેડકો.વિનોદકુમાર, વુ.હેડકો સાધનાબેન પો.કો.રાહુલકુમાર તથા પો.કો.કુંદનકુમાર તથા પો.કો કેતનકુમાર નાઓ પેટ્રોલીંગ માં હતા દરમ્યાન અ.હેડકો ચંન્દ્રકાન્ત નાઓને મળેલ બાતમી હકીકત આધારે મોજે કઠલાલ ચોકડી ઉમિયા કોમ્પલેક્ષ આવેલ મોબીનભાઇ રસીદભાઇ મન્સુરી રહે, કઠલાલ ઇન્દીરાનગર તા.કઠલાલ જી.ખેડાનાઓની દુકાન નંબર-૬માં રેઇડ કરતા તેઓ સહીત જુગાર રમતા કુલ-૦૮ ઇસમો (૧) મોબીનભાઇ રસીદભાઇ મન્સુરી રહે, કઠલાલ ઇન્દીરાનગર તા.કઠલાલ જી.ખેડા (૨) હિમાંશુ લીલાચંદ પટેલ રહે, મેમનગર ગુરૂકુળ ઘર.નં.૪૫ ન્યુ નવજ્યોત સોસાયટી તા.જી.અમદાવાદ (૩) કેતનભાઇ ઉર્ફે પંડીત વિભાકરભાઇ શાહ રહે, કઠલાલ સોનીપોળ તા.કઠલાલ જી.ખેડા (૪) તન્મય ઉર્ફે રીકો જશવંતભાઇ રાવલ રહે, કપડવંજ ઉમીયા પાર્ક સોસાયી ઘર નં.એ/૧૦ તા.કપડવંજ જી.ખેડા (૫)ધર્મેન્દ્ર કાન્તીભાઇ પટેલ રહે, અમદાવાદ થલતેજ ગુરૂકુળ ૨૩/૨૩૦ અજન્તા ઇલોરા એપાર્ટમેન્ટ તા.જી.અમદાવાદ (૬) મહેશભાઇ દિનેશભાઇ પટેલ રહે, જીતપુર રામજીનું મંદિરવાળુ ફળીયું તા.બાયડ જી.અરવલ્લી (૭) પ્રવિણભાઇ ગોતાભાઇ સોલંકી રહે, ઉંડાની મુવાડી રોડ ઉપર તા.કઠલાલ જી.ખેડા (૮) વિક્રમભાઇ ખુમાભાઇ રબારી રહે, જીતપુર વહાણવટી ફળીયામાં તા.બાયડ જી.અરવલ્લી નાઓને સ્થળ ઉપરથી ઝડપી પાડી અંગ જડતી માંથી મળેલ રોકડા રૂપીયા.૧,૯૨,૯૫૦/- તથા દાવ ઉપર થી મળેલ રોકડા રૂ.૧૨૫૦૦/-મળી રોકડ રૂા.૨૦૫૪૫૦/- તથા પત્તા-પાના નંગ-૫૨ કીં.રૂા.૦૦/૦૦ તથા ચાદર(બ્લેન્કેટ) કિ.રૂા.૦૦/૦૦ તથા મોબાઇલ નંગ-૯ જેની કિ.રૂા ૪૯૦૦૦/- મળી કુલ્લે રૂા. ૨૫૪૪૫૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા ઉક્ત પકડાયેલ તમામ ઇસમો વિરૂદ્ધ કઠલાલ પો.સ્ટે. જુગારા ધારા કલમ ૪,૫ મુજબ અ.હેડકો ચંન્દ્રકાન્ત નાઓએ ફરીયાદ આપેલ છે. આગળની વધુ તપાસ અ.હેડકો ચંન્દ્રકાન્ત એલ.સી.બી ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.

